GJPM170008112022

**ક્રિમીનલ અપીલ નં.૧૦/૨૦૨૨**

**:: આંક–૧૪ લગત હુકમ ::**

(૧) અરજદાર/એપેલન્ટ નં.ર નાઓએ સીઆર.પી.સી.કલમ–૩૯૧ અન્વયે અપીલ નાં તબકકે વધારાનો પુરાવો રજુ કરવા માટે હાલની અરજી રજુ કરી અરજી સાથે સામે વિબ્યોર જીપર્સ લી. નામની કંપનીના પી.એફ. અન્વયેના દસ્તાવેજો રજુ કરવા અને તે દસ્તાવેજોને પાકો આંક આપી ન્યાયીક–નિર્ણય વખતે દસ્તાવેજો ઘ્યાને લેવા અરજ કરેલી છે.

(ર) અરજદાર/એપેલન્ટ નં.ર ની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સદર અરજદારને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ હાલોલ ઘ્વારા આઈ.પી.સી. કલમ–૪૦૬ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં ૩ વર્ષની સાદી કેદની સજા કરવામાં આવેલ છે અને અરજદાર/એપેલન્ટ નં.ર સામે ફરીયાદ પક્ષનો આક્ષેપ છે કે, આરોપીએ રાહીનો ફાસ્ટનર્સ લી. કંપની તેમજ ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ લી.કંપનીના પી.એફ. ના નાણાં પી.એફ. કચેરીમા જમા કરાવેલ નહિ પરંતુ ક્રિમીનલ કેસના ટ્રાયલ દરમ્યાન આંક–૪૪ અને ૪૫ થી ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ તેમજ રાહીનો ફાસ્ટનર્સ લી. કંપનીના કર્મચારીઓનુ લીસ્ટ રજુ થયેલ છે તેમાં હાલના અરજદાર–આરોપીને કર્મચારી તરીકે બતાવેલ નથી કે તેઓ આ બંને કંપનીમાં ડાયરેકટર નથી. સદર અરજદાર–આરોપી ને હાલમાં તેમના ઘરની સાફ–સફાઈ દરમ્યાન જુનો રેકર્ડ વેરીફાઈ કરતા તેમના ઘરેથી તેઓ વિબ્યોર જીપર્સ લી.કંપનીમાં નોકરી કરતા હતા તેના ડોકયુમેન્ટ મળેલા છે અને તે ડોકયુમેન્ટમાં નોકરી કરતા હોઈ તેના પી.એફ.સબંધીત કાગળો મળેલ છે. આ દસ્તાવેજોથી તે સ્પષ્ટપણે સાબીત થાય છે કે અરજદાર/એપેલન્ટ નં.ર રાહીનો ફાસ્ટનર્સ કે ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ કંપનીમાં નોકરી કરતા ન હતા અને તેથી તે કંપનીના કર્મચારીઓના પી.એફ.ની રકમ જમા કરાવવાની જવાબદારી હાલના અરજદાર/એપેલન્ટ નં.ર ની ન હતી અને તેથી અરજદાર/એપેલન્ટ નં.ર ને આ ગુન્હામાં સાંકળી શકાય તેમ નથી તેથી દસ્તાવેજો રેકર્ડ ઉપર લાવવા જરુરી છે અને અરજદાર/એપેલન્ટ નં.ર ટ્રાયલ સમયે દસ્તાવેજો રજુ ન કરી શકવાના કારણે તેમને સજા થયેલી છે અને આ દસ્તાવેજો રજુ કરવાથી સાચી હકીકત અદાલત સમક્ષ આવે તેમ છે અને સાચો ન્યાય આપી શકાય તેમ છે જેથી આ દસ્તાવેજો રેકર્ડ ઉપર લાવવા અને તેને પુરાવામાં વંચાણે લેવા અરજ કરેલી છે.

(૩) અરજદાર/એપેલન્ટ નં.ર ના વિ.વ.શ્રીની દલીલ એવી છે કે, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૯૧ અન્વયે એપેલેટ કોર્ટ વઘુ પુરાવો રજુ કરવા પરવાનગી આપી

શકે છે અને તે અંગેનો પુરાવો અપેલેટ કોર્ટ જાતે લઈ શકે છે અથવા ટ્રાયલ કોર્ટને પુરાવો લેવા માટે આદેશ કરી શકે છે.

તેમની વધુમાં દલીલ એવી છે કે, અરજદાર/એપેલન્ટ નં.૨ ને રાહીનો ફાસ્ટનર્સ કંપની અને ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ કંપનીના જનરલ મેનેજર તરીકે કર્મચારીઓનુ પી.એફ. જમા કરાવેલ ન હોવાના કારણે સજા કરવામાં આવેલ છે પરંતુ આંક-૪૪ અને ૪૫ માં આ કંપનીમા હાલના અરજદાર/એપેલન્ટ નં.૨ નુ નામ નથી તેમજ અરજદાર/એપેલન્ટ નં.૨ આ કંપનીમાં ફરજ બજાવતા ન હતા અને અન્ય કંપનીમાં ફરજ બજાવતા હતા. અરજદાર/એપેલન્ટ નં.૨ અન્ય કંપનીમાં નોકરી કરતા હતા તે બતાવવા અરજદાર/એપેલન્ટ નં.૨ દસ્તાવેજો રજુ કરવા માંગે છે અને આ દસ્તાવેજો રેકર્ડ ઉપર આવશે તો સાચી હકીકત રેકર્ડ ઉપર આવી શકે તેમ છે. ક્રિ.પ્રો.કોડ ની કલમ-૩૯૧ ની જોગવાઈ સાચો ન્યાય મળે તે માટે દસ્તાવેજોને રેકર્ડ ઉપર લેવા અને વધુ પુરાવા નોંધવા જોગવાઈ કરવામાં આવેલી છે જેથી અરજદાર/એપેલન્ટ નં.૨ ને આ દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવી જોઈએ.

તેમની વધુમાં દલીલ એવી છે કે, જયારે દસ્તાવેજો રેકર્ડ ઉપર લેવામાં આવે ત્યારે ચુકાદામાં મોટો ફેરફાર આવી શકે તેમ હોય તો તે દસ્તાવેજોને રેકર્ડ ઉપર લેવા જોઈએ અને ન્યાયનો હેતુ સાચી હકીકત બહાર આવે તે છે. જેથી, આ દસ્તાવેજોને પુરાવામાં રજુ કરવા પરવાનગી આપવી જોઈએ. તેમને તેમની દલીલના સમર્થનમાં (૧) ૨૦૧૧(૦) એઆઈ જેઈએલ-એચસી-૨૨૭૦૯૧ '' ગૌતમભાઈ બાબાભાઈ ઉર્ફે શાંતિલાલ પટેલ વિ... સ્ટેટ ઓફ ગુજરાત '' (૨) ૨૦૧૫ (૦) એઆઈજેઈએલ-એફસી-૨૩૩૧૬૪ '' જયંતિભાઈ પરષોતમભાઈ માછી ઉર્ફે જયંતિ પરષોતમ ટંડેલ વિ... ગુજરાત રાજય '' નો ચુકાદો રજુ રાખેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી આર.ડી.શુકલની દલીલ એવી છે કે, અરજદાર/એપેલન્ટ નં.૨ ના જે દસ્તાવેજો રજુ કરવા પરવાનગી માંગી રહેલ છે તે દસ્તાવેજો તે નીચેની કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન રજુ કરી શકેલ હોત પરંતુ તેમને યોગ્ય સમયે તે દસ્તાવેજો રજુ કરેલા ન હોઈ આ દસ્તાવેજોને ટ્રાયલ ખોરંભે પાડવા આ તબકકે રજુ કરવા પરવાનગી અઆપી શકાય નહિં.

વધુમાં તેમની દલીલ એવી છે કે, નીચેની કોર્ટ સમક્ષ કેસ ચાલતા દરમ્યાન સદર અરજદાર/એપેલન્ટ નં.૨ નાએ જે રાહીનો ફાસ્ટનર્સ લી. કે ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ લી. કંપનીમાં નોકરી કરતા ન હતા અને અન્ય કંપનીમાં નોકરી કરતા હતા તેવી કોઈ તકરાર લીધેલી નથી. સદર અરજીમાં અરજદાર/એપેલન્ટ નં.૨ નાએ તેમના વિશેષ નિવેદનમાં પણ એવી કોઈ હકીકત જણાવેલ નથી. સદર અરજદાર/એપેલન્ટ નં.૨ શિક્ષિત વ્યકિત છે અને તેઓ સારી રીતે જાણતા હોય કે અન્ય કંપનીમાં નોકરી કરતા હોય તો સદર બંન્ને કંપનીઓના કર્મચારીઓના પી.એફ.ની રકમ જમા કરાવવાની જવાબદારી તેમની ઉભી થાય નહિં અને તેથી તે મુજબનો તેઓ બચાવ લઈ શકેલ હોત. પરંતુ, આ તબકકે તેઓ નવી હકીકત જણાવી દસ્તાવેજો રજુ કરવા પરવાનગી માંગેલ છે તે ગ્રાહય રાખી શકાય નહિં જેથી તેમની અરજી ના-મંજુર કરવી જોઈએ.

(૫) ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી તેમજ રેકર્ડ વંચાણે લીધુ. અરજદાર

/એપેલન્ટ નં.૨ નાએ હાલની અરજી રજુ કરી તેઓ વિબ્યોર જીપર્સ લી.નામની કંપનીમાં નોકરી કરતા હતા તેના પી.એફ. અન્વયેના દસ્તાવેજો રજુ કરવા અને તે દસ્તાવેજોને પાકો આંક આપી ન્યાયીક નિર્ણય વખતે દસ્તાવેજોને ધ્યાને લેવા  અરજ કરેલી છે. અરજદાર/એપેલન્ટ નં.૨ એ આ અરજી સાથે કુલ-૮ દસ્તાવેજો લીસ્ટથી રજુ કરેલ છે તે જોતા સદર દસ્તાવેજોમાં સરકારી સંસ્થાનુ કોઈ ઓફીસીયલ સીલ મારવામાં આવેલુ  નથી કે તે દસ્તાવેજો જાહેર દસ્તાવેજો હોય તે બાબતની કોઈ સ્પષ્ટતા નથી તેમજ તે જાહેર દસ્તાવેજોની પ્રમાણિત નકલ નથી જેથી જાહેર દસ્તાવેજો ન હોઈ આવા દસ્તાવેજોને સીધે સીધા પુરાવામાં વંચાણે લઈ શકાય નહિં. અરજદાર/એપેલન્ટ નં.૨ નાએ વિબ્યોર જીપર્સ કંપનીના સીકકાવાળા ઝેરોક્ષ દસ્તાવેજો રજુ કરી પુરાવામાં વંચાણે લેવા અરજ કરેલ છે પરંતુ સદર દસ્તાવેજો નકલ સ્વરુપે હોઈ અને આ દસ્તાવેજો પુરવાર થયેલા ન હોઈ તેને સીધે સીધા પુરાવામાં વંચાણે લઈ શકાય નહિં.  ટુંકમા અરજદાર/એપેલન્ટ નં.૨ નાઓ જે દસ્તાવેજો રજુ કરી પુરાવામાં વંચાણે લેવા અરજ કરી રહેલ છે તે દસ્તાવેજો જાહેર દસ્તાવેજો ન હોઈ તથા તે દસ્તાવેજો યોગ્ય રીતે પુરવાર થયેલ ન હોઈ તેને સીધે સીધા પુરાવામાં વંચાણે લઈ શકાય નહિં અને જેથી આવા દસ્તાવેજો અપીલના તબકકે રજુ કરવા પરવાનગી આપી શકાય નહિં જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદાર/એપેલન્ટ નં.૨ ની હાલની અરજી ''નામંજુર '' કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૯ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯/૦૭/૨૦૨૩
હાલોલ.

**( રાકેશ જે.પટેલ )**
ત્રીજા એડીશનલ  સેશન્સ જજ,
પંચમહાલ, મુ. હાલોલ.
CODE-GJ00833

N.M.VALAND